# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-04-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) **રાજ્યમાં ઔદ્યોગિક ગેસની અછતથી ઉદ્યોગો બંધ ન થયા હોવાની સરકારની સ્પષ્ટતા.**
2) **પહેલી માર્ચથી પાંચ એપ્રિલ સુધીમાં રાજ્યમાં 50 હજાર નવા ઘરેલું PNG જોડાણ અપાયા.**
3) **ગુજરાત ATS-એ રાજસ્થાન સરહદ પરથી 25 કરોડ રૂપિયાના કેફી પદાર્થ સાથે બે લોકોને પકડ્યા**
4) **ઉત્તર, દક્ષિણ, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં આવતીકાલે કમોસમી વરસાદની આગાહી.**
5) **છત્તીસગઢમાં યોજાયેલા ખેલો ઇન્ડિયા જનજાતીય ખેલ મહોત્સવમાં રાજ્યનાં કુસ્તીબાજ ખેલાડી લીલા ચાવડાએ કાંસ્ય ચંદ્રક જીત્યો.**

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT GAS SITUATION

રાજ્યમાં ઔદ્યોગિક ગેસની અછતને લઈને ઉદ્યોગો બંધ થયા નથી. સરકાર તરફથી ઉદ્યોગોને પ્રાથમિકતા મુજબ, ગેસ પૂરવઠો અપાઈ રહ્યો છે. અમદાવાદમાં પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો ખાતે રાજ્યની ગેસ સ્થિતિ અંગે પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક કમિશનર

કે. સી. સંપતે કહ્યું, રાજ્યમાં કુલ ચાર લાખથી વધુ ઔદ્યોગિક એકમોમાંથી માત્ર એક હજાર 200 જેટલા એકમો હાલ બંધ છે. જ્યારે 28 હજાર 500 જેટલા એકમો ઓછી ક્ષમતા સાથે ચાલી રહ્યા છે.

તેમણે કહ્યું કે, જે ઉદ્યોગો બંધ થયા છે તે મોટાભાગે કાચામાલની અછત અને નિકાસ સહિતના અન્ય કારણોસર બંધ થયા છે.

(BYTE: K. C. SAMPAT, ADDITIONAL COMMISSIONER, GUJARAT INDUSTRIES AND MINES DEPARTMENT)

શ્રી સંપતે કહ્યું કે, ઔદ્યોગિક એકમોની રજૂઆતના પગલે વૈકલ્પિક ઇંધણના ઉપયોગ માટે પણ સરકારે તાજેતરમાં પરવાનગી આપી છે.

# PNG CONNECTION

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલી યુદ્ધની પરિસ્થિતિને પગલે રાજ્યમાં પાઇપ્ડ નેચરલ ગેસ – PNG જોડાણમાં વધારો નોંધાયો. પહેલી માર્ચથી પાંચ એપ્રિલ સુધીમાં રાજ્યમાં 50 હજાર નવા ઘરેલું PNG જોડાણ અપાયા છે.

અમદાવાદમાં પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરોમાં પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમના વાઈસ પ્રેસિડેન્ટ દિપેન ચૌહાણે કહ્યું કે, રાજ્યમાં પૂરતા પ્રમાણમાં PNG ઉપલબ્ધ છે અને વધુમાં વધુ ઘરોમાં, ઉદ્યોગોમાં અને વ્યવસાયિક એકમોમાં PNG જોડાણ આપવા વિશેષ પ્રોત્સાહન અપાઈ રહ્યું છે, જેનો લાભ લેવા તેમણે નાગરિકોને અનુરોધ કર્યો છે.

(BYTE: DIPEN CHAUHAN, VICE PRESIDENT, GUJARAT STATE PETROLEUM CORPORATION)

શ્રી ચૌહાણે ઉમેર્યું કે, સમગ્ર દેશમાં ગુજરાત 23 ટકા ઘરેલું તેમજ 51 ટકા વ્યવસાયિક PNG જોડાણ ધરાવે છે.

# POLITICAL NEWS GUJ

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અને આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણીને લઈ રાજકીય પક્ષોએ પ્રચાર શરૂ કર્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઉમેદવારો નક્કી કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને પ્રદેશ સંસદીય બૉર્ડની બેઠક યોજાઈ. તેમાં ભાજપના મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતના ઉમેદવારોના નામ અંગે ચર્ચા કરવામાં આવી.વધુ માહિતી અમારા પ્રતિનીથી દુર્ગેશ મેહતા પાસેથી સાંભળીએ તો,

ગુજરાત કૉંગ્રેસે પણ વડોદરા, નડિયાદ, જામનગર અને પોરબંદરમાં "કૉંગ્રેસનું કમિટમેંન્ટ"ના નામે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો. તેમાં કૉંગ્રેસે રોડ-રસ્તા, પાણી સહિત સર્વાંગી વિકાસ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. બીજી તરફ, પાટણ નગરપાલિકાના ભાજપના પૂર્વ ઉપ-પ્રમુખ દિનેશ પટણી અને તેમના સમર્થકો આજે ફરી કૉંગ્રેસમાં જોડાયા છે.

જ્યારે આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય ચૂંટણી સમિતિ અને પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટેના ઉમેદવારોની છઠ્ઠી યાદી જાહેર કરવામાં આવી છે. તો, ક્ષત્રિય સમાજનાં આગેવાન પદ્મિનીબા વાળા આજે આમ આદમી પાર્ટીમાં જોડાયાં છે.

# BJP PROTEST IN STATE

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ ગુજરાત અંગે કરેલી ટિપ્પણી સામે રાજ્યના કેટલાક જિલ્લામાં ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન કરાયા. અમદાવાદમાં ઇન્કમટૅક્સ ચાર રસ્તા પાસે અમદાવાદ ભાજપના કાર્યકર્તાઓએ કાળી પટ્ટી ધારણ કરીને મૌન વિરોધ કર્યો હતો. જ્યારે ગાંધીનગર શહેર ભાજપ દ્વારા સેક્ટર 21 ખાતે ધરણાં પ્રદર્શન કરાયું

# JMR LOCAL ELECTION

જામનગરમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.મહાનગરપાલિકા માટે 414, જિલ્લા અને તાલુકા પંચાયતો માટે 712 અને સિક્કા નગરપાલિકાના સાત વૉર્ડમાં 22 મતદાન મથક તૈયાર કરાશે.ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા અધિકારીઓ અને કર્મચારીઓને વિશેષ તાલીમ પણ અપાઈ રહી છે. આ અંગે જિલ્લા કલેક્ટર પી. બી. પંડ્યાએ વધુ માહિતી આપી.

(BYTE: P. B. PANDYA, COLLECTOR, JAMNAGAR)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# LOCAL BODIES ELECTION

વલસાડમાં જિલ્લા પંચાયતમાં 50 ટકા મહિલા અનામત બેઠક મળતાં આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય સમીકરણ બદલાઈ શકે છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, વલસાડ જિલ્લા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણીઓ માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નવું સીમાંકન અને રૉટેશન જાહેર કરાયું છે. કુલ 36 બેઠક માટે જાહેર થયેલા આ સીમાંકનથી જિલ્લાના રાજકારણમાં હલચલ જોવા મળી રહી છે.

# PNC LOCAL ELECTIONS

પંચમહાલમાં આ વખતે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં 11 લાખ 23 હજાર 768 જેટલા મતદાર મતદાન કરશે. સમગ્ર જિલ્લામાં ચૂંટણી માટે એક હજાર 417 જેટલા મતદાનમથક પણ તૈયાર કરાયા છે. આ સાથે જ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નાગરિકોને લોકશાહીના આ પર્વમાં ઉત્સાહભેર ભાગ લેવા અને અચૂક મતદાન કરવા અપીલ કરવામાં આવી છે.

# GUJ ATS DRUGS ARREST

ગુજરાત અને રાજસ્થાન આતંકવાદ વિરોધી દળ – ATSની ટુકડીએ પાંચ કિલો કેફી પદાર્થ સાથે બે આરોપીની અટકાયત કરી. રાજસ્થાનના જેસલમેરને બનાસકાંઠા સાથે જોડતા રાષ્ટ્રીય રાજમાર્ગ પર ગઈકાલે શંકાસ્પદ કારમાંથી પાંચ કિલો કેફી પદાર્થ મળી આવ્યો હતો, જેની બજાર કિંમત 25 કરોડ રૂપિયા જેટલી થાય છે.

પોલીસે કારમાં સવાર બંને લોકોની અટકાયત કરી ગુનો નોંધ્યો છે. તેઓ પાકિસ્તાનમાં ડ્રગ્સની હેરાફેરી કરતા લોકો સાથે સંપર્કમાં હતા, તેમ ગુજરાત ATSના પોલીસ અધિક્ષક કે. સિદ્ધાર્થે જણાવ્યું.

(BYTE: K. SIDDHARTH, SP, GUJARAT ATS)

# WEATHER – OVER ALL

રાજ્યના કેટલાક જિલ્લામાં આજે માવઠાના અહેવાલ છે. સાંજે 6 વાગ્યા સુધીમાં 37 તાલુકામાં વરસાદ નોંધાયો.

તો ભાવનગર, મહેસાણાના ઊંઝા અને બોટાદ જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ થતાં ચોમાસા જેવો માહોલ સર્જાયો. પંચમહાલના ગોધરા પંથક અને સાબરકાંઠામાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો.

અરવલ્લીના મોડાસા, મેઘરજ, ટીંટોઈ, સાઠંબા સહિતના વિસ્તારમાં ભારે પવન અને કરા સાથે વરસાદ થયો. ઉપરાંત દધાલિયા, વરથૂ, જીતપુર મોટી ઇસરોલમાં વરસાદ થતાં ઉનાળુ પાકને નુકશાન થવાની શક્યતા છે.

મહીસાગરના કડાણા, ખાનપુર, લુણાવાડા, સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

(વોઈસ કાસ્ટ – કૌશિક જોશી  )

તો ભરૂચના જાંબુસરના કાવી – કંબોઈ સહિતના ગામમાં વીજળીના કડાકા સાથે વરસાદ થતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

# REV WEATHER UPDATE

રાજ્યમાં આગામી 14 તારીખ સુધી સામાન્ય કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે કહ્યું, રાજ્યમાં આગામી 48 કલાકમાં મહત્તમ તાપમાનમાં ફેરફારની શક્યતા નહીંવત્ છે. ત્યારબાદ મહત્તમ તાપમાનમાં બે-થી ચાર ડિગ્રી સૅલ્સિયસનો વધારો થઈ શકે છે. દરમિયાન આવતીકાલે દક્ષિણ, ઉત્તર અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્ર–કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. માછીમારોને પણ આવતીકાલ સુધી દરિયો ન ખેડવાની સૂચના અપાઈ હોવાનું શ્રી દાસે વધુમાં જણાવ્યું.

દરમિયાન રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી વધુ 37 ડિગ્રી સૅલ્સિયસ તાપમાન અમરેલી અને રાજકોટમાં નોંધાયું. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, વલ્લભવિદ્યાનગર અને સુરેન્દ્રનગરમાં 36 ડિગ્રી તથા આ સિવાયના જિલ્લા અને શહેરોમાં મહત્તમ તાપમાન 35 ડિગ્રી અને તેનાથી ઓછું રહ્યાના અહેવાલ છે.

# KHELO INDIA WRESTLING MEDAL

દેશના સૌપ્રથમ  ખેલો ઇન્ડિયા જનજાતીય ખેલ-મહોત્સવમાં રાજ્યનાં કુસ્તીબાજ ખેલાડી લીલા ચાવડાએ કાંસ્ય ચંદ્રક જીત્યો. સ્વર્ણિમ્ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનાં આ ખેલાડીએ છત્તીસગઢના અંબિકાપુરમાં યોજાયેલા આ ખેલ-મહોત્સવમાં 68 કિલો વજનવર્ગ શ્રેણીમાં આ સિદ્ધિ મેળવી છે.

આ અંગે યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડિરેક્ટર પ્રોફેસર ડૉક્ટર રણછોડ રથવીએ કહ્યું, રાષ્ટ્રીય સ્તરના આ મહોત્સવમાં કુસ્તી ક્ષેત્રે વિજયી બની ચંદ્રક મેળવ્યો હોય તેવી ગુજરાતની આ સૌપ્રથમ ઐતિહાસિક સિદ્ધિ છે. તેમણે ખેલાડી લીલા ચાવડાને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.